# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, સુરત

જિલ્લા સેવા સદન-૨,એ બ્લોક ત્રીજો માળ,અઠવાલાઈન્સ, સુરત

Phone No: (0261) 2662903, Fax No: 2662902, Email Id: *suratdeo@gmail.com*

જા.નં./RMSA/વોકેશનલ/ખાનગી શાળા/૨૦૨૬ ૩૯૯૬૨-૯૬૩

તા.૩૦/૦૩/૨૦૨૬

પ્રતિ,

સંચાલકશ્રી / આચાર્યશ્રી

સ્વનિર્ભર માધ્યમિક શાળાઓ,

સુરત, જિલ્લો-સુરત.

વિષય:- વર્ષ -૨૦૨૬-૨૭ માં સ્વનિર્ભર શાળાઓ ધોરણ-૯ માં વોકેશનલ વિષય શરુ કરવાની દરખાસ્ત મોકલવા બાબત.

સંદર્ભ:- ૧.સંયુક્ત નિયામક ગુજરાત માધ્યમિક અને ઉ.માધ્યમિક શિક્ષણ બોર્ડ ,ગાંધીનગરના પત્ર ક્રમાંક:-મઉમશબ/સંશોધન/૨૦૨૬/૧૦૮૭ -૧૧૨૧ તા-૨૮/૦૨/૨૦૨૬

૨. સંયુક્ત નિયામક ગુજરાત માધ્યમિક અને ઉ.માધ્યમિક શિક્ષણ બોર્ડ ,ગાંધીનગરના પત્ર ક્રમાંક:-મઉમશબ/સંશોધન/૨૦૨૪/૩૮૨૬-૨૭ તા-૨૯/૧૧/૨૦૨૪

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે સુરત જિલ્લામાં વર્ષ-૨૦૨૪-૨૫ માં કુલ ૩૧ સ્વનિર્ભર શાળાઓમાં વોકેશનલ ટ્રેડ IT/ITES શરુ કરવાની સૌપ્રથમ મંજુરી મળી હતી. જે અન્વયે શૈક્ષણિક વર્ષ-૨૦૨૬-૨૭ વર્ષમાં પણ સ્વૈચ્છિક રીતે સ્વભંડોળના ધોરણે સુરત જિલ્લામાં સ્વનિર્ભર શાળાઓમાં ધોરણ-૯ માં વોકેશનલ વિષયોની પસંદગી કરવાની તક મળે તે માટે વોકેશનલ ટ્રેડ વિષય શરૂ કરવા અંગે મંજૂરી મેળવવા અંગેની કાર્યવાહી કરવાની રહે છે. જે અનુસંધાને ઉપરોક્ત સંદર્ભપત્ર નું પાલન અને અભ્યાસ કરી સ્વનિર્ભર શાળાઓએ ટ્રસ્ટી મંડળનો ઠરાવ, આચાર્યની સંમતિ, શિક્ષકોની સંમતિ, વાલીઓ અને વિદ્યાર્થીઓની સમંતિ અને શાળામાં ભૌતિક સગવડ (ક્લાસ રૂમ, કોમ્પ્યુટર લેબ, પુસ્તકો ), પરિશિષ્ઠ-૧ અને ૨ મુજબની માહિતી તૈયાર કરી વર્ષ-૨૦૨૬-૨૭ માં ધોરણ-૯ માં વોકેશનલ ટ્રેડ શરૂ કરવા માંગતી શાળાઓએ દરખાસ્ત જિલ્લા પ્રોજેક્ટ કૉ. ઓર્ડીનેટર કચેરી, ૫૦૨, સમગ્ર શિક્ષા, જિલ્લા પંચાયત, ડુમસ-વેસુ રોડ, પીપલોદ અત્રેની કચેરીએ ૨૦/૦૪/૨૦૨૬ સુધી મંજુરી અર્થે રજુ કરવા જણાવવામાં આવે છે..

બિડાણ:- ૧.ઉપર મુજબ સંદર્ભ પત્ર

૨. સુરત જિલ્લામાં કાર્યરત ખાનગી શાળા,ગ્રાન્ટેડ શાળા અને સરકારી શાળાઓની યાદી

જિલ્લા શિક્ષણાધિકારી,

સુરત, જિ. સુરત.

<u>સવિનય નકલ-રવાના જાણ સારું:-</u>

- પ્રતિ સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રીની કચેરી, સમગ્ર શિક્ષા, સેક્ટર-૧૯ ગાંધીનગર.

ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૬/ 1067 - 1121
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-૧૦બી, જુના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૨૮/૦૨/૨૦૨૬

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (તમામ),
ગુજરાત રાજ્ય.

વિષય:- રાજ્યની નોનગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વોકેશનલ શિક્ષણનો વિષય શરૂ કરવા બાબત.

સંદર્ભ :- અત્રેની કચેરીનો પત્ર ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૪/૩૮૨૬-૨૭, તા.૨૯/૧૧/૨૦૨૪

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે અત્રેની કચેરીના સંદર્ભ દર્શિત પત્રથી નોનગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વોકેશનલ શિક્ષણનો વિષય શરુ કરવા અંગેની કાર્યપદ્ધતિની વિગતો આપને મોકલી આપવામાં આવેલ હતી. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) 2020માં શાળાઓમાં વોકેશનલ શિક્ષણ દાખલ કરવાની જરૂરીયાત દર્શાવેલ છે. સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓમાં સમગ્ર શિક્ષાની કચેરી દ્વારા વોકેશનલ શિક્ષણના વિષયોનું અમલીકરણ કરવામાં આવે છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) 2020 અન્વયે નોન-ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં પણ વોકેશનલ શિક્ષણનો વિષય શરુ થાય તે આવશ્યક છે.

ઉક્ત વિગતે આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭થી આપના તાબાની નોન ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વોકેશનલ શિક્ષણનો વિષય શરૂ કરવા અંગે અત્રેના સંદર્ભદર્શિત પત્ર અન્વયે આપની કક્ષાએથી જરૂરી કાર્યવાહી કરવાની થાય છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) 2020 અન્વયે આપના તાબાની નોન ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વોકેશનલ વિષય શરૂ કરવા માટે આપની કક્ષાએથી સક્રિય પ્રયાસ કરવામાં આવે તે આવશ્યક છે. આ માટે આપના જિલ્લાની નોન ગ્રાન્ટેડ શાળાઓના આચાર્યો અને સંચાલકો સાથે બેઠક કરી તેઓને વોકેશનલ શિક્ષણનો વિષય દાખલ કરવા અંગેની કાર્યપદ્ધતિની વિગતોથી માહિતગાર કરશો તેમજ તેઓની શાળામાં વોકેશનલ શિક્ષણનો વિષય દાખલ કરવામાં આવે તે બાબત સુનિશ્ચિત કરશો.

આપના દ્વારા કરેલ કાર્યવાહીની વિગતો તથા તા.૨૦/૦૪/૨૦૨૬ સુધીમાં નોનગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વ્યવસાયિક શિક્ષણ શરૂ કરવા માટેનું નામાંકન પૂર્ણ કરી શાળાઓની યાદી અત્રેની કચેરી તેમજ સમગ્ર શિક્ષાની કચેરીને મોકલી આપશો.

સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

બિડાણ: નોન ગ્રાન્ટેડ શાળાઓમાં વોકેશનલ શિક્ષણનો વિષય દાખલ કરવાની કાર્યપદ્ધતિ

**નકલ સવિનય રવાના :-**

- માન.અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક બોર્ડ ગાંધીનગર.

E:\A Suran\A ...

Scanned with OKEN Scanner

ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૪/3826-27
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-૧૦ બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૨૯/૧૧/૨૦૨૪

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
સુરત.

વિષય:-શૈક્ષણિક વર્ષ-૨૦૨૪-૨૫ થી ધોરણ-૯ માં વોકેશનલ વિષયની મંજૂરી બાબત.

સંદર્ભ :-(૧)આપનો પત્ર ક્રમાંક RMSA/વોકેશનલ/૨૦૨૪/૫૫૫૦ તા.૧૮/૦૫/૨૦૨૪
(૨)શિક્ષણ વિભાગનો તા. ૨૭/૧૧/૨૦૨૪ ના પત્રક્રમાંક:ED/PUR/e-file/3/૨૦૨૪/ ૪૦૮૨/CHH

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે આપના સંદર્ભ (૧) દર્શિત પત્રથી આપના જિલ્લામાં આવેલી ખાનગી શાળાઓમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ થી ગુજરાતી અને અંગ્રેજી માધ્યમના ધોરણ-૯ ના વિધાર્થીઓને વોકેશનલ વિષયની પસંદગી કરવાની તક મળે અને ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડની પરીક્ષા બંને માધ્યમમાં આપી શકે તે માટે ૩૧ ખાનગી શાળાઓને IT/ITES ટ્રેડ ગુજરાતી/અંગ્રેજી માધ્યમ માટે મંજૂરી આપવા વિનંતી કરવામાં આવેલ હતી.

જે અન્વયે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા પ્રાપ્ત નોન-ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં સ્વૈચ્છિક રીતે સ્વભંડોળના ધોરણે વોકેશનલ વિષયો શરૂ કરવા અંગેની કાર્યપદ્ધતિ નિયત કરવા માટેની નીતિના મુસદ્દાનો અમલ કરવા અંગે અત્રેની કચેરીના તા.૧૭/૦૮/૨૦૨૪ ના પત્રથી સરકારશ્રીની મંજૂરી મેળવવા માટે શિક્ષણ વિભાગને દરખાસ્ત કરવામાં આવેલ હતી.

જે અન્વયે શિક્ષણ વિભાગના સંદર્ભ (૨) દર્શિત તા.૨૭/૧૧/૨૦૨૪ ના પત્રક્રમાંક:ED/PUR/e-file/3/૨૦૨૪/૪૦૮૨/CHH થી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા પ્રાપ્ત નોન ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં સ્વૈચ્છિક રીતે સ્વભંડોળના ધોરણે ધોરણ-૭ માં શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ થી વોકેશનલ વિષયો શરૂ કરવા અંગેની કાર્યપદ્ધતિ નિયત કરવા અંગેના મુસદ્દાને સરકારશ્રીની મંજૂરી આપવામાં આવેલ છે. ઉક્ત કાર્યપદ્ધતિની વિગતો આ સાથે સામેલ છે. જે અન્વયે આપના તા.30/૦૯/૨૦૨૪ ના પત્રમાં દર્શાવેલ વિગતે ૩૧ ખાનગી (નોન ગ્રાન્ટેડ) શાળાઓમાં

શૈક્ષણિક વર્ષ-૨૦૨૪-૨૫ થી ધોરણ-૯ માં IT/ITES વોકેશનલ વિષયની પસંદગી કરવા અંગે ઉક્ત કાર્યપદ્ધતિ મુજબ આપની કક્ષાએથી જરૂરી કાર્યવાહી કરવા માટે અને આપના દ્વારા કરવામાં આવેલ કાર્યવાહીની જાણ અત્રેની કચેરીને તેમજ સમગ્ર શિક્ષાની કચેરીને કરવા માટે જણાવવામાં આવે છે.

બિડાણ:- ઉપર મુજબ

સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

નકલ સવિનય રવાના:-

- માન.અધ્યક્ષશ્રી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા પ્રાપ્ત નોન-ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં સ્વૈચ્છિક રીતે સ્વભંડોળના ધોરણે વ્યવસાયલક્ષી શિક્ષણનો વિષય દાખલ કરવા માટેની કાર્યપદ્ધતિ

## અનુક્રમણિકા

1. વોકેશનલ એજ્યુકેશનનું મહત્વ: એન.ઇ.પી. આદેશ (2025 સુધીમાં 50 ટકા શાળાના વિદ્યાર્થીઓને આવરી લેવા)........ 2

2. નોન ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વ્યાવસાયિક શિક્ષણ માટેનું મોડેલ.... 2

*(હાલમાં ગુજરાતમાં સરકારી અને અનુદાનિત શાળાઓ માટે ઉપલબ્ધ વ્યવસાયિક શિક્ષણની કેન્દ્ર સરકાર દ્વારા પ્રાયોજિત યોજનાની ગાઈડ લાઇનના આધારે)* ........ 2

2.1 વ્યાવસાયિક શિક્ષણના અમલીકરણ માટે પૂર્વ-આવશ્યકતાઓ ........ 3

2.2 અરજી કરવાની પદ્ધતિ ........ 3

2.3 અમલીકરણ અંગે માર્ગદર્શન ........ 4

2.3.1 સેક્ટર અને જોબરોલની પસંદગી ........ 4

2.3.2 વિદ્યાર્થીઓની નોંધણી ........ 4

2.3.3 વિષય માળખામાં સમાવેશ ........ 5

2.3.4 શાળા સમયપત્રકમાં ફાળવણી ........ 5

2.3.5 બેચ સાઈઝ ........ 5

2.3.6 લેબ સેટઅપ, કાચો માલ ........ 6

2.3.7 વોકેશનલ ટ્રેનર્સની લાયકાત ........ 6

2.3.8 અભ્યાસક્રમ અને પાઠ્યપુસ્તકો ........ 6

2.3.9 ગેસ્ટ લેકચર/ફિલ્ડ વિઝિટ ........ 7

2.3.10 ઇન્ટર્નશીપ ........ 7

2.3.11 ઉદ્યોગ સાથે સંકલન ........ 7

2.3.12 કારકિર્દી માર્ગદર્શન અને વર્ટિકલ મોબિલિટી ........ 7

2.3.13 મૂલ્યાંકન પ્રક્રિયા ........ 8

3. વિવિધ કચેરીઓની જવાબદારી અને ભૂમિકા ........ 8

પરિશિષ્ટ – 1........ 10

પરિશિષ્ટ- 2........ 12

પરિશિષ્ટ- 3........ 14

## ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા પ્રાપ્ત નોન-ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં સ્વૈચ્છિક રીતે સ્વભંડોળના ધોરણે વ્યવસાયલક્ષી શિક્ષણનો વિષય દાખલ કરવા માટેની નીતિનો મુસદ્દો :-

1. વોકેશનલ એજ્યુકેશનનું મહત્વ: એન.ઇ.પી. આદેશ (2025 સુધીમાં 50 ટકા શાળાના વિદ્યાર્થીઓને આવરી લેવા) :-

નેશનલ એજ્યુકેશન પોલિસી-2020 હિમાયત કરે છે કે 2025 સુધીમાં ઓછામાં ઓછા 50% વિધાર્થીઓને વ્યાવસાયિક શિક્ષણનો લાભ મળી રહે અને દરેક બાળક ઓછામાં ઓછા એક કૌશલ્યમાં પારંગત થઈને શાળામાંથી બહાર આવશે. આ માટે જરૂરી છે કે નોન ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં પણ વ્યાવસાયિક શિક્ષણની શરૂઆત માટેની નીતિ રાજ્યમાં શરૂ કરવામાં આવે. નેશનલ એજ્યુકેશન પોલિસી અને નેશનલ સ્કીલ ક્વૉલીફીકેશન ફ્રેમવર્ક (NSQF) સાથે સંકલન સાધીને વ્યાવસાયિક શિક્ષણને સામાન્ય શૈક્ષણિક શિક્ષણ સાથે સંકલિત કરવાની જરૂર છે, જેમાં વિદ્યાર્થીઓની રોજગાર ક્ષમતા અને ઉદ્યોગ સાહસિક ક્ષમતાઓમાં વધારો થાય અને વ્યવાસાયિક કામના વાતાવરણનો સંપર્ક સાધવામાં આવે છે, જેથી વિદ્યાર્થીઓમાં કારકિર્દીના વિવિધ વિકલ્પો વિશે જાગૃતિ આવે, તેમજ તેઓ તેમની રસ, રૂચિ અને યોગ્યતા અનુસાર કારકિર્દીની પસંદગી કરી શકે. હાલમાં સમગ્ર શિક્ષાના માળખા હેઠળ શાળા શિક્ષણ માટેની વ્યવસાયિક શિક્ષણના અભ્યાસની નીતિ માત્ર સરકારી અને અનુદાનિત શાળાઓ માટે જ ઉપલબ્ધ છે, પરંતુ નોન ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ માટે ઉપલબ્ધ નથી.

ગુજરાત રાજ્યમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં સરકારી શાળાઓની સંખ્યા 1999 (15.66%), બિન સરકારી અનુદાનિત શાળાઓની સંખ્યા 5065 (39.68%) અને નોન ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓની સંખ્યા 5700 (44.65%) છે. આમ, રાજ્યમાં સૌથી વધુ સંખ્યા નોન ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓની છે. આથી માધ્યમિક શાળાઓની અડધી સંખ્યા સુધી વોકેશનલ એજ્યુકેશન પહોંચાડવા માટે નોન ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વોકેશનલ એજ્યુકેશન દાખલ કરવું જરૂરી બને છે અને તે માટે મજબૂત અને અસરકારક નીતિ ઘડવી વધુ મહત્વની બની જાય છે.

2. નોન-ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વ્યાવસાયિક શિક્ષણ માટેનું મોડેલ :-
*(હાલમાં ગુજરાતમાં સરકારી અને અનુદાનિત શાળાઓ માટે ઉપલબ્ધ વ્યવસાયિક શિક્ષણની કેન્દ્ર સરકાર દ્વારા પ્રાયોજિત યોજનાની ગાઈડ લાઇનના આધારે)*

**2.1 વ્યાવસાયિક શિક્ષણના અમલીકરણ માટે પૂર્વ-આવશ્યકતાઓ :-**

i. સરકારી અને અનુદાનિત શાળાઓમાં લાગુ પાડવામાં આવેલા નેશનલ સ્કીલ ક્વૉલિફિકેશન ફ્રેમવર્ક (NSQF) અનુરૂપ વ્યાવસાયિક વિષયો (બોર્ડ/SSAની વેબસાઇટ પર આપવામાં આવેલ) માંથી શાળા વિષયની પસંદગી કરી શકે છે. શાળામાં વ્યાવસાયિક શિક્ષણનો વિષય પસંદ કરતી વખતે, શાળાએ સંબંધિત જિલ્લામાં કૌશલ્યની માંગ, ઉપલબ્ધ ભૌગોલિક પરિસ્થિતિઓ, વિદ્યાર્થી-માતાપિતાની પસંદગી વગેરેને ધ્યાનમાં લેવી જોઈએ.

ii. વ્યાવસાયિક શિક્ષણના વિષયની પ્રયોગશાળા માટે શાળાના પરિસરમાં એક અલગ વર્ગખંડની ઉપલબ્ધતા હોવી જોઈએ. જેમાં એક સાથે ઓછામાં ઓછા 20 વિદ્યાર્થીઓ સમાવી શકાય તેવી વ્યવસ્થા હોવી જોઈએ.

iii. વ્યવસાયલક્ષી શિક્ષણનો વિષય દાખલ કરવાની મંજૂરી મળ્યા પછી, વ્યાવસાયિક શિક્ષણના અમલીકરણ અંગેની સંપૂર્ણ જવાબદારી સંબંધિત શાળાની રહેશે.

iv. જો સરકારશ્રી દ્વારા ઉક્ત વ્યવસાયલક્ષી શિક્ષણના વિષયના અભ્યાસક્રમમાં ફેરફાર/બંધ કરવા અંગેનો નીતિ વિષયક નિર્ણય લેવામાં આવે તો શાળાએ બાંહેધરી આપવી પડશે કે તેનો બિનશરતી અને વિના વિલંબે આ અંગે અમલ કરશે.

v. જે શાળાઓમાં માત્ર ધોરણ-9 અને 10 ચાલે છે તે શાળાઓએ ઓછામાં ઓછા 2 વર્ષ માટે અથવા વ્યવસાયલક્ષી શિક્ષણના અભ્યાસક્રમ માટે પ્રવેશ મેળવનારા વિદ્યાર્થીઓ ધોરણ-10 પાસ ન થાય ત્યાં સુધી આ અભ્યાસક્રમ ચલાવવો આવશ્યક છે, જ્યારે ધોરણ-9 થી 12 સુધીની શાળાઓએ ઓછામાં ઓછા 4 વર્ષ અથવા જે વિદ્યાર્થીઓએ આ અભ્યાસક્રમ માટે પ્રવેશ મેળવ્યો છે તે ધોરણ-12 માં પાસ ન થાય ત્યાં સુધી વ્યવસાયલક્ષી શિક્ષણ અભ્યાસક્રમ ચલાવવો આવશ્યક છે.

vi. તમામ પૂર્વ-આવશ્યકતાઓના આધારે શાળામાં સ્વખર્ચે વ્યવસાયલક્ષી શિક્ષણના વિષયનો અભ્યાસક્રમ શરૂ કરવાની મંજૂરી આપી શકાય છે. આ અંગે શાળા સંચાલક મંડળની અરજીની નકલ રજૂ કરવાની રહેશે. (રૂ. 300/- સ્ટેમ્પ પેપર પર ચૂકવવાના રહેશે) *પરિશિષ્ટ - 2 મુજબ*

**2.2 અરજી કરવાની પદ્ધતિ :-**

i. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ / સમગ્ર શિક્ષા વાર્ષિક ધોરણે (ખાસ કરીને માર્ચ-જૂનથી) અરજી મંગાવવા માટેની સમયરેખા નક્કી કરશે.

ii. વ્યવસાયિક શિક્ષણના અમલીકરણમાં રસ ધરાવતી અને પૂર્વ જરૂરિયાતો પૂર્ણ કરવામાં રસ ધરાવતી નોન ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ નિયત નમૂનામાં તેમની અરજી તેમના સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારી પરિશિષ્ટ-1 મુજબ સુપરત કરવાની રહેશે અને નેશનલ સ્કીલ ક્વૉલિફિકેશન ફ્રેમવર્ક (NSQF) અનુરૂપ વિષય અને તેમના દ્વારા પસંદ કરવામાં આવેલા જોબરોલ અનુસાર ધોરણ-9 અને

ધોરણ-11 માં માર્ગદર્શિકામાં જણાવેલ કાર્યપદ્ધતિ અનુસાર વ્યાવસાયિક શિક્ષણનો અમલ શરૂ કરી શકે છે.

iii. જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ અરજી કરવાની આખરી તારીખ પૂર્ણ થયાના 10 દિવસની અંદર તમામ અરજદારોને સૈદ્ધાંતિક મંજૂરી આપવાની રહેશે.

iv. જિલ્લા શિક્ષણાધિકારીઓ દ્વારા તેમના જિલ્લાની જે શાળાઓને વ્યવસાયિક શિક્ષણનો વિષય શરૂ કરવા અંગે મંજૂરી આપવામાં આવેલ હોય તેવી શાળાઓની યાદી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ અને સમગ્ર શિક્ષાની કચેરીને વિગતો સાથે મોકલવાની રહેશે.

v. જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને પ્રાપ્ત થયેલી અરજીઓ અને દસ્તાવેજોની ચકાસણી સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા ગુણવત્તાના હેતુસર સૈદ્ધાંતિક મંજૂરીના 4 મહિનાની અંદર કરવાની રહેશે.

## 2.3 અમલીકરણ અંગે માર્ગદર્શન :-

### 2.3.1 સેક્ટર અને જોબરોલની પસંદગી :-

કૌશલ્યની માંગ, ઉપલબ્ધ ક્ષેત્રો તેમજ સેક્ટર અને જોબરોલની નીચે દર્શાવેલ સૂચિને ધ્યાનમાં લઈને શાળાઓએ વિદ્યાર્થીઓ માટે વ્યવસાયિક શિક્ષણના વિષયની પસંદગી કરવાની રહેશે. શાળાઓ એક, બે અથવા વધુ સેક્ટરની પસંદ કરી શકે છે. ભવિષ્યમાં અન્ય સેક્ટર અને વિષયો સરકારશ્રી દ્વારા મંજૂર થયેથી બોર્ડ દ્વારા ઉમેરવામાં આવશે.

| No | Sector |
|---|---|
| 1. | Agriculture |
| 2. | Apparel Madeup and Home Furnishing |
| 3. | Automotive |
| 4. | Banking, Financial, Service and insurance |
| 5. | Beauty & Wellness |
| 6. | Electronics & Hardware |
| 7. | Food Industry |
| 8. | Healthcare |
| 9. | IT/ITES |
| 10. | Logistics |
| 11. | Plumbing |
| 12. | Power |
| 13. | Retail |
| 14. | Sports, Physical Education, Fitness & Leisure |
| 15. | Tourism and Hospitality |
| 16 | Construction |

- આ સાથે સામેલ પરિશિષ્ટ-3 માં હાલમાં કાર્યરત સેક્ટર અને જોબરોલ યાદી આપવામાં આવેલ છે.

### 2.3.2 વિદ્યાર્થીઓની નોંધણી :-

I. શાળાને મંજૂરી મળ્યા પછી ધોરણ-9 અને ધોરણ-11 માં નોંધણી કરી શકાશે વોકેશનલ વિષયનો અભ્યાસક્રમ 2 વર્ષનો છે. એટલે કે ધોરણ-9 અને 10 ના વોકેશનલ વિષયનો અભ્યાસક્રમ તેમજ ધોરણ-11 અને 12 ના વોકેશનલ

વિષયનો અભ્યાસક્રમ. તેથી ધોરણ-9 માં વ્યવસાયિક શિક્ષણનો જે વિષય રાખેલ હોય તે જ વિષય ધોરણ-10 માં રાખવો જરૂરી છે તેમજ ધોરણ-11 માં વ્યવસાયિક શિક્ષણનો જે વિષય રાખેલ હોય તે જ વિષય ધોરણ-12 માં રાખવો જરૂરી છે.

ii. જે વિદ્યાર્થીઓએ ધોરણ-9 અને ધોરણ-10 માં વ્યાવસાયિક શિક્ષણનો વિષય ન રાખેલ હોય તેઓ પણ ધોરણ-11માં વ્યાવસાયિક શિક્ષણનો વિષય રાખી શકે છે.

iii. વિદ્યાર્થીએ ધોરણ-9 અને 10 માં વ્યવસાયિક શિક્ષણનો જે વિષય રાખેલ હોય તે વિષય ધોરણ-11 અને 12 માં રાખી શકે છે અથવા વ્યવસાયિક શિક્ષણનો અન્ય વિષય પણ રાખી શકે છે.

2.3.3 વિષય માળખામાં સમાવેશ :-

| | | |
|---|---|---|
| ધોરણ 9 | વૈકલ્પિક વિષય | ધોરણ-9 ના વૈકલ્પિક વિષયોની યાદીમાં વ્યવસાયિક શિક્ષણના વિષયનો સમાવેશ કરવામાં આવેલ છે. |
| ધોરણ-10 | મુખ્ય વિષય | ગ્રૂપ-1 ત્રીજી ભાષા (હિંદી/સંસ્કૃત/ફારસી/અરબી/સિંધી) ના વિકલ્પમાં વ્યવસાયિક શિક્ષણના વિષયનો સમાવેશ કરવામાં આવેલ છે. |
| ધોરણ-11 (સા.પ્ર.) અને ધોરણ-12 (સા.પ્ર.) | મુખ્ય વિષય | જૂથ-4 ના વિષયોમાં વ્યાવસાયિક શિક્ષણના વિષયનો સમાવેશ કરવામાં આવેલ છે. |

2.3.4 શાળાના સમયપત્રકમાં ફાળવણી :-

વ્યાવસાયિક શિક્ષણના વિષયોમાં મુખ્યત્વે પ્રેક્ટીકલ અનુભવ જરૂરી હોય છે. તેથી સૈદ્ધાતિક અને પ્રાયોગિક કાર્ય માટે પૂરતો સમય ફાળવવો જરૂરી છે. આ માટે દૈનિક ધોરણે ટૂંકા ગાળાના પીરીયડને બદલે અઠવાડિયામાં બે વાર 60 થી 90 મિનિટના બે સેશનનું આયોજન કરી શકાય છે.

2.3.5 બેચ સાઇઝ :-

શાળામાં એક બેચ મહત્તમ 30 વિદ્યાર્થીઓની હોઈ શકે છે. અભ્યાસક્રમમાં રસ ધરાવતા વિદ્યાર્થીઓની કુલ સંખ્યાના આધારે શાળામાં વધારે બેચ બનાવવાની રહેશે.

2.3.6 લેબ સેટઅપ, કાચો માલ :-

i. શાળાઓ પ્રસ્તુત ઉપકરણો અને સામગ્રી સાથે વ્યાવસાયિક અભ્યાસક્રમો માટે પ્રયોગશાળાઓની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરશે. લેબ માટે જરૂરી સાધનો અને સામગ્રી પંડિત સુંદરલાલ શર્મા સેન્ટ્રલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ વોકેશનલ એજ્યુકેશન, ભોપાલ (પી.એસ.એસ.સી.આઇ.સી.ઇ.) દ્વારા સૂચવવામાં આવેલા માપદંડો/સૂચિ અનુસાર અને બોર્ડની વેબસાઇટ/સમગ્ર શિક્ષા વેબસાઇટ પર અપલોડ કરેલી યાદી મુજબ હોવી જોઈએ.

ii. પ્રેક્ટીકલ કામગીરી કરવા માટે જરૂરી કાચોમાલ અને અન્ય જરૂરી સાધનો અને ઉપકરણોનો પર્યાપ્ત જથ્થો શાળા સ્તરે હોવો જરૂરી છે.

2.3.7 વોકેશનલ ટ્રેનર્સની લાયકાત :-

i. પંડિત સુંદરલાલ શર્મા સેન્ટ્રલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ વોકેશનલ એજ્યુકેશન, ભોપાલ (પી.એસ.એસ.સી.આઇ.સી.ઇ.)ની વેબસાઇટ પર ઉલ્લેખ કર્યા મુજબ લાયકાતના માપદંડ મુજબ વ્યાવસાયિક શિક્ષણ શીખવવા માટે લાયક વોકેશનલ ટ્રેનરની નિમણૂક કરવાની રહેશે. જેમનો પગાર/મહેનતાણું શાળા સંચાલક મંડળએ ચૂકવવાનું રહેશે.

ii. બોર્ડની/સમગ્ર શિક્ષા વેબસાઇટ પર વોકેશનલ ટ્રેનરની લાયકાત અને અનુભવ અપલોડ કરવામાં આવશે.

iii. નજીકના વિસ્તારોમાં એકથી વધુ શાળાઓ ધરાવતા ટ્રસ્ટના કિસ્સામાં, તેઓ અન્ય તમામ માર્ગદર્શિકાઓ અને જરૂરિયાતોનું પાલન કરતી વખતે શાળાઓના જૂથ માટે એક વોકેશનલ ટ્રેનરની નિમણૂંક કરી શકે છે.

iv. વ્યાવસાયિક પ્રશિક્ષકોની તાલીમ માન્યતા પ્રાપ્ત સંસ્થા દ્વારા શૈક્ષણિક વર્ષ માટે શાળા ફરી શરૂ થાય તે પહેલાં અથવા અભ્યાસક્રમ શરૂ થયાના એક મહિનાની અંદર પૂર્ણ કરવી આવશ્યક છે. આ માટે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ રોજગાર અને તાલીમ નિયામક તથા જિલ્લા કૌશલ્ય વિકાસ અધિકારીઓ સાથે સંકલન કરીને તાલીમનું આયોજન કરવાનું રહેશે. જેનો ખર્ચ શાળાએ ભોગવવાનો રહેશે.

2.3.8 અભ્યાસક્રમ અને પાઠયપુસ્તકો :-

i. અભ્યાસક્રમ અને પુસ્તકોની સોફ્ટકોપી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ અને સમગ્ર શિક્ષાની વેબસાઇટ પર ઉપલબ્ધ કરાવવામાં આવશે.

ii. શાળાએ વિદ્યાર્થીઓને પુસ્તકોની હાર્ડ કોપી પૂરી પાડવાની રહેશે.

### 2.3.9 ગેસ્ટ લેકચર / ફિલ્ડ વિઝિટ :-

i. શાળાએ પસંદ કરેલ વ્યવસાયિક શિક્ષણના સંબંધિત ક્ષેત્રમાં નિષ્ણાત હોય તેવાં વ્યક્તિ દ્વારા દર મહિને ઓછામાં ઓછું એક વક્તવ્ય ગોઠવવાનું રહેશે તેમજ આ અંગે શાળાએ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને અને સમગ્ર શિક્ષાની કચેરીને અહેવાલ મોકલવાનો રહેશે.

ii. શાળા નજીકના સંબંધિત વિષયને લગતા ઉદ્યોગોની દર વર્ષે ઓછામાં ઓછી ત્રણ ફિલ્ડ વિઝિટ શાળા દ્વારા તમામ વિદ્યાર્થીઓને કરાવવાની રહેશે તેમજ આ અંગે શાળાએ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને અને સમગ્ર શિક્ષાની કચેરીને અહેવાલ મોકલવાનો રહેશે.

### 2.3.10 ઇન્ટર્નશિપ :-

શાળાએ ધોરણ-11 અને 12માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને સંબંધિત વિષયમાં વોકેશનલ ટ્રેનર્સના માર્ગદર્શન હેઠળ ઓછામાં ઓછા 80 કલાકની ઇન્ટર્નશિપ આપવાની રહેશે. ધોરણ-10 ની પરીક્ષા પછી ઉનાળુ વેકેશન દરમિયાન વિદ્યાર્થીઓને ઇન્ટર્નશીપનું આયોજન કરી શકે છે. ઇન્ટર્નશીપ દરમિયાન વિદ્યાર્થીઓની સલામતીની ખાતરી કરવાની રહેશે. વિદ્યાર્થી ઇન્ટર્નશિપમાંથી જે શીખે છે તેના આધારે તેનું સતત અને વ્યાપક મૂલ્યાંકન કરવાનું રહેશે. વિદ્યાર્થીઓની ઇન્ટર્નશિપ માટે ઉદ્યોગ, શ્રમ, કૃષિ, આરોગ્ય વગેરે જેવા સરકારી વિભાગો સાથે સહયોગ લઈ શકાશે. ઇન્ટર્નશીપ અંગેનો અહેવાલ શાળાએ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને અને સમગ્ર શિક્ષાની કચેરીને મોકલવાનો રહેશે.

### 2.3.11 ઉદ્યોગ સાથે સંકલન :-

ગેસ્ટ લેકચર, ફિલ્ડવિઝિટ, ઇન્ટર્નશિપ, પ્લેસમેન્ટ વગેરે દ્વારા વિદ્યાર્થીઓને કામની વાસ્તવિક દુનિયામાં એક્સપોઝર આપવા માટે શાળાઓ તેમના સ્તરે ઉદ્યોગો સાથે સંકલન સુનિશ્ચિત કરશે.

### 2.3.12 કારકિર્દી માર્ગદર્શન અને વર્ટિકલ મોબિલિટી :-

શાળાએ કારકિર્દી સલાહકારોને બોલાવીને વિદ્યાર્થીઓની યોગ્યતા અને પસંદગી અનુસાર સાયકોમેટ્રિક મૂલ્યાંકન અને માર્ગદર્શનના આધારે વિદ્યાર્થીઓને યોગ્ય દિશા નિર્દેશો આપવાના રહેશે. શાળાએ વિદ્યાર્થીઓને તેમની રુચિઓ સાથે સુસંગત રીતે વર્ટિકલ મોબિલિટી અંગેના વિકલ્પો શોધવામાં પણ મદદ કરવાની રહેશે. શાળા દ્વારા વિદ્યાર્થીઓને વ્યાવસાયિક શિક્ષણ સહિતની તેમના માટે ઉપલબ્ધ તમામ તકો અંગે માહિતગાર કરવાના રહેશે.

### 2.3.13 મૂલ્યાંકન પ્રક્રિયા :-

| ક્રમ | પરીક્ષાની વિગત | ગુણભાર | મૂલ્યાંકનકાર |
|---|---|---|---|
| 1 | લેખિત પરીક્ષા (થિયરી) | 30 ગુણ (પાસ થવા માટે જરૂરી ગુણ-10) | ધોરણ-9 અને 11 માટે શાળા કક્ષાએ મૂલ્યાંકન કરવાનું રહેશે. ધોરણ-10 અને 12 માટે ગુ.મા.ઉ.મા.શિ. બોર્ડ દ્વારા મૂલ્યાંકન કરવામાં આવશે. |
| 2 | પ્રાયોગિક પરીક્ષા અને મૌખિક પરીક્ષા/વાઈવા | 50 ગુણ (પાસ થવા માટે જરૂરી ગુણ-17) | સેક્ટર સ્કિલ કાઉન્સિલ/ જી.સી.વી.ટી. |
| 3 | આંતરિક મૂલ્યાંકન | 20 ગુણ (પાસ થવા માટે જરૂરી ગુણ-6) | વોકેશનલ ટ્રેનર / પ્રિન્સિપાલ |

- આ માટે મૂલ્યાંકનનો તમામ ખર્ચ સંબંધિત શાળાએ કરવાનો રહેશે.
- શાળાએ વ્યાવસાયિક શિક્ષણ શરૂ કરવા માટે નીચે આપેલા સમયપત્રકનું પાલન કરવું જરૂરી છે.

| ક્રમ | વિગત | સૈદ્ધાંતિક મંજૂરી પછીનો સમયગાળો |
|---|---|---|
| 1. | વોકેશનલ ટ્રેનરની નિમણુક | 1 મહિનાની અંદર |
| 2. | અભ્યાસક્રમ અને પાઠયપુસ્તકો પુરા પાડવા | 1 મહિનાની અંદર |
| 3. | પ્રયોગશાળાની વ્યવસ્થા | 1 મહિનાની અંદર |

3. વિવિધ કચેરીઓની જવાબદારી અને ભૂમિકા:-

i. જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી :-

- વ્યાવસાયિક શિક્ષણનો અભ્યાસક્રમ શરૂ કરવા માંગતી શાળાઓની અરજી સ્વીકારવી અને મંજૂરી આપવી.
- શાળાની ભૌતિક ચકાસણી / નિરીક્ષણ અને શાળાઓને માર્ગદર્શન.
- શાળાઓમાં વ્યવસાયલક્ષી શિક્ષણનું ફોલોઅપ.
- વ્યાવસાયિક શિક્ષણનો અભ્યાસક્રમ શરૂ કરવા માંગતી શાળાઓના આચાર્યોને તાલીમ આપવી. આ માટે સમગ્ર શિક્ષાની કચેરીનો સહયોગ મેળવવો.
- વોકેશનલ ટ્રેનર્સને તાલીમ આપવી. આ માટે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ સમગ્ર શિક્ષાની કચેરી, રોજગાર અને તાલીમ નિયામક તથા જિલ્લા કૌશલ્ય વિકાસ અધિકારીઓ સાથે સંકલન કરીને તાલીમનું આયોજન કરવાનું રહેશે. જેનો ખર્ચ શાળાએ ભોગવવાનો રહેશે.

- જિલ્લા કક્ષાએ સમગ્ર શિક્ષા અંતર્ગત કાર્યરત સેકન્ડરી RMSA કો-ઓર્ડીનેટર દ્વારા મંજૂર થયેલ શાળાઓને ગાઇડન્સ આપવાની કામગીરી તેમજ મોનીટરીંગની કામગીરી જિલ્લા શિક્ષણાધિકારીશ્રીના સંકલનમાં રહીને કરવાની રહેશે.

ii. સમગ્ર શિક્ષાની કચેરી :-

- રાજ્ય સ્તરે તમામ શાળાઓમાં વ્યવસાયિક શિક્ષણનું સમગ્ર મોનિટરિંગ.
- અભ્યાસક્રમ, પાઠ્યપુસ્તકો, પ્રયોગશાળાના સાધનોની યાદી, વોકેશનલ ટ્રેનર્સની શૈક્ષણિક લાયકાત અને અનુભવની વિગતો શાળાઓને પૂરી પાડવી.
- શાળાઓના આચાર્યો અને વોકેશનલ ટ્રેનર્સની તાલીમ માટે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ સાથે સંકલન કરવું.
- પ્રાયોગિક મૂલ્યાંકન હાથ ધરવા સેક્ટર સ્કિલ કાઉન્સિલ્સ/જીસીવીટી સાથે સંકલન સાધવું.

iii. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ :-

- અભ્યાસક્રમ માટે મંજૂરી
- મૂલ્યાંકનની પ્રક્રિયા
- ધોરણ-10 અને ધોરણ-12 માં જાહેર પરીક્ષા - ધોરણ 10 અને 12ના વિદ્યાર્થીઓ માટે 30 ગુણનું થિયરી એસેસમેન્ટ

# પરિશિષ્ટ - 1

## નોન-ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વ્યાવસાયિક શિક્ષણનો વિષય શરૂ કરવા માટેની અરજી :-

1. શૈક્ષણિક વર્ષ :- ____________________
2. સંસ્થાનું નામ :- ____________________
3. શાળાનો UDISE કોડ :- ____________________
4. ધોરણ-10 નો ઇન્ડેક્સ નંબર :- ____________________
5. ધોરણ-12 નો ઇન્ડેક્સ નંબર :- ____________________
6. સરનામું :- ____________________
____________________
____________________
7. નોડલ વ્યક્તિનું નામ :- ____________________
8. સંપર્ક નંબર :- ____________________
9. ઈ-મેઈલ Id :- ____________________
10. શાળા દ્વારા પસંદ કરવામાં આવેલ વ્યાવસાયિક શિક્ષણના વિષયો :-

| અનુ નં. | સેક્ટર | ધોરણ 9 અને 10 માટે જોબરોલ | ધોરણ 11 અને 12 માટે જોબરોલ |
|---|---|---|---|
| 1 | | | |
| 2 | | | |
| 3 | | | |
| 4 | | | |

11. વ્યાવસાયિક શિક્ષણમાં રસ ધરાવતા વિદ્યાર્થીઓની સંખ્યા (ધોરણ પ્રમાણે લખવી) :- ____________________
12. બેચની સંખ્યા :- ____________________
13. લેબોરેટરી રૂમની સંખ્યા :- ____________________
14. લેબોરેટરી રૂમનું કદ :- ____________________
15. ઉપલબ્ધ ઉપકરણો (જો કોઈ હોય તો) :- ____________________
____________________
____________________

16. વ્યાવસાયિક શિક્ષણના વિષય માટે એક અઠવાડિયામાં ફાળવવામાં આવેલા તાસ (પીરીયડ)ની

સંખ્યા ______________ અને કુલ કલાકોની સંખ્યા :- ________________

સહી

નામ અને હોદ્દો

શાળાનો સિક્કો

બિડાણ :-

1. શાળા સંચાલક મંડળનો શાળામાં વ્યવસાયિક શિક્ષણનો વિષય શરૂ કરવા અંગેનો ઠરાવ.
2. શાળા સંચાલક મંડળનું રૂ.300ના સ્ટેમ્પ પર નિયત કરેલ બાંહેધરીપત્ર.

# પરિશિષ્ટ - 2

## બાંહેધરીપત્ર

(રૂ.300 ના સ્ટેમ્પપેપર પર)

શાળાનું નામ : ____________________

શાળાનો UDISE કોડ : ____________________

ધોરણ-10 નો ઇન્ડેક્સ નંબર : ____________________

ધોરણ-12 નો ઇન્ડેક્સ નંબર : ____________________

અમારી શાળા નીચેના સેક્ટરમાં વ્યાવસાયિક શિક્ષણ શરૂ કરવા ઇચ્છુક છે :-

1) ____________________
2) ____________________
3) ____________________

અમે, [શાળાનું નામ.........................................................], આ સાથે અમારી સંસ્થામાં વ્યવસાયિક શિક્ષણના અમલીકરણ માટે અમારી પ્રતિબદ્ધતા જાહેર કરીએ છીએ. વિદ્યાર્થીઓને વ્યવસાયિક શિક્ષણના કૌશલ્યો પ્રદાન કરવા અને કાર્યબળની માંગ માટે તેમને તૈયાર કરવાનાં મહત્વને સમજીને અમે અમારી શાળામાં વ્યાવસાયિક શિક્ષણનો અભ્યાસક્રમ સંસ્થાના ખર્ચે દાખલ કરવા માટે સંમતિ દર્શાવીએ છીએ.

અમે અહીં સ્પષ્ટપણે જણાવીએ છીએ કે અમારી શાળામાં નીચેના સંસાધનો ઉપલબ્ધ છે :-

I. શાળામાં વ્યાવસાયિક શિક્ષણના વિષય માટે જરૂરી પ્રયોગશાળાઓ માટે શાળા પરિસરમાં અલગ વર્ગખંડો ઉપલબ્ધ છે. જેમાં દરેક સેક્ટર દીઠ ઓછામાં ઓછા 20 વિદ્યાર્થીઓને સમાવી શકાય તેમ છે.

II. શાળામાં વ્યવસાયિક શિક્ષણનો અભ્યાસક્રમ સંસ્થાના ખર્ચે શરૂ કરવાનો થાય છે તે બાબત અંગે અમે સંપૂર્ણપણે સંમત છીએ. આ અંગે શાળા સંચાલક મંડળ દ્વારા તા.________ના રોજ ઠરાવ નંબર ________ મંજૂર કરવામાં આવેલ છે.

III. લેબ સેટઅપ, વોકેશનલ ટ્રેનર સેલરી, લેબ રો મટિરિયલ, સ્ટેશનરી, પાઠ્યપુસ્તકો, વિદ્યાર્થીઓ માટે ઉદ્યોગની મુલાકાતો, ગેસ્ટ લેક્ચર્સ, ધોરણ-11 અને 12ના વિદ્યાર્થીઓ માટે ઇન્ટર્નશિપ, ધોરણ-10 અને ધોરણ-12 ના વિદ્યાર્થીઓ માટે થીયરી અને પ્રેક્ટીકલ પરીક્ષાની ફી અથવા અન્ય કોઈ સંબંધિત ખર્ચ અંગેની સંપૂર્ણ જવાબદારી અમારી શાળા દ્વારા ઉઠાવવામાં આવશે. રાજ્ય અને જિલ્લા કક્ષાની શિક્ષણ વિભાગની કચેરીઓના માર્ગદર્શન મુજબ વ્યવસાયિક શિક્ષણને લગતી તમામ પ્રવૃત્તિઓ શાળામાં હાથ ધરવાની ખાતરી આપવામાં આવે છે.

IV. જો સરકાર વ્યવસાયિક શિક્ષણના અભ્યાસક્રમમાં ફેરફાર કરવા અંગે અથવા બંધ કરવા અંગે નીતિવિષયક નિર્ણય કરે તો શાળા આ ફેરફારો મુજબ જરૂરી કાર્યવાહી બિનશરતી અને વિના વિલંબે કરશે તેની અમો ખાતરી આપીએ છીએ.

V. જે શાળાઓમાં માત્ર ધોરણ-9 અને 10 ચાલે છે તે શાળાઓએ ઓછામાં ઓછા 2 વર્ષ માટે અથવા વ્યવસાયલક્ષી શિક્ષણના અભ્યાસક્રમ માટે પ્રવેશ મેળવનારા વિદ્યાર્થીઓ ધોરણ-10 પાસ ન થાય ત્યાં સુધી આ અભ્યાસક્રમ ચલાવવો આવશ્યક છે, જ્યારે ધોરણ-9 થી 12 સુધીની શાળાઓએ ઓછામાં ઓછા 4 વર્ષ અથવા જે વિદ્યાર્થીઓએ આ અભ્યાસક્રમ માટે પ્રવેશ મેળવ્યો છે તે ધોરણ-12 માં પાસ ન થાય ત્યાં સુધી વ્યવસાયલક્ષી શિક્ષણ અભ્યાસક્રમ ચલાવવો આવશ્યક છે. આ બાબત અંગે અમો ખાતરી આપીએ છીએ.

[શાળા સંચાલકના હસ્તાક્ષર અને નામ, હોદ્દો, તારીખ]

[શાળા સંચાલક મંડળનો સિક્કો]

# પરિશિષ્ટ – 3

| Sr No | Sector | Std-9-10 Job Role | Std-11-12 Job Role |
|---|---|---|---|
| 1 | Automotive | Four-Wheeler Service Assistant | Four-Wheeler Service Technician |
| 2 | Beauty & Wellness | Assistant beauty Therapist | Beauty Therapist |
| 3 | AGRICULTURE | SOLANACEOUS CROP CULTIVATOR | Floriculturist |
| 4 | APPAREL & MADE UPS & HOME FURNISHING | Sewing machine operator | Specialized Sewing Machine Operator |
| 5 | RETAIL | STORE OPERATION ASSISTANT | Sales Associate |
| 6 | Electronics & Hardware | Junior Field Technician Home Appliances | Installation Technician – Computing and Peripherals |
| 7 | Tourism and Hospitality | Food and Beverage Service Assistant | Customer Service Executive (Meet and Greet) |
| 8 | Healthcare | Home Health Aide- Trainee | General Duty Assistant- Trainee |
| 9 | Banking, Financial Services and Insurance | Microfinace Executive | Business Correspondent and Business Facilitator |
| 10 | Food processing | Baking Technician | Craft Baker |
| 11 | IT/ITeS | Domestic Data Entry Operator | Biometric Data Operator |
| 12 | Plumbing | Assistant Plumber General | Plumber General |
| 13 | Sports, Physical Education, Fitness & Leisure | Early Years Physical Activity Facilitator | Physical Education Assistant |
| 14 | Power | Consumer Energy Meter Technician | Lineman Distribution |
| 15 | Construction | Assistant Mason | General Mason |
| 16 | Logistics | Warehouse Associate | Warehouse Claims Coordinator |

# વોકેશનલ વિષય ચલાવતી ખાનગી શાળાઓની માહિતી 2024-2025 સુરત જિલ્લો

| ક્રમ | શાળાનું નામ | માધ્યમ | આચાર્યનું નામ | આચાર્યનો મોબાઈલ નંબર | ટ્રેડ |
|---|---|---|---|---|---|
| 1 | સંસ્કાર ભારતી વિદ્યાલય, અંગ્રેજી માધ્યમ, રાંદેર રોડ | ENGLISH | MAMTA J. PANDYA | 9824066300 | IT-ITES |
| 2 | સંસ્કાર ભારતી વિદ્યાલય, ગુજરાતી માધ્યમ, રાંદેર રોડ | GUJARATI | MANUBHAI A. PRAJAPATI | 8238609100 | IT-ITES |
| 3 | ભુલકાં ભવન ટ્રસ્ટ, ગુજરાતી માધ્યમ, અડાજણ હજીરા રોડ | GUJARATI | ARCHANABEN DESAI | 9228561111 | IT-ITES |
| 4 | ભુલકાં વિહાર ટ્રસ્ટ,અંગ્રેજી માધ્યમ,અડાજણ રોડ સુરત | ENGLISH | DR. MITABEN VAKIL | 9825135099 | IT-ITES |
| 5 | ભુલકાં વિહાર ટ્રસ્ટ ગુજરાતી માધ્યમ,અડાજણ રોડ સુરત | GUJARATI | DR. MITABEN VAKIL | 9825135099 | IT-ITES |
| 6 | સનરેઝ વિદ્યાલય,ગુજરાતી માધ્યમ,ઉધના,સુરત | GUJARATI | RUPAL BHATT | 9898045955 | IT-ITES |
| 7 | સનરેઝ વિદ્યાલય,અંગ્રેજી માધ્યમ,ઉધના,સુરત | ENGLISH | RUPAL BHATT | 9898045955 | IT-ITES |
| 8 | સનલાઈટ વિદ્યાલય,ગુજરાતી માધ્યમ,સચિન,સુરત | GUJARATI | ADITYA PATEL | 9104160077 | IT-ITES |
| 9 | સનલાઈટ વિદ્યાલય,અંગ્રેજી માધ્યમ,સચિન,સુરત | ENGLISH | ADITYA PATEL | 9104160077 | IT-ITES |
| 10 | સનગ્રેસ વિદ્યાલય,ગુજરાતી માધ્યમ,ઉધના,સુરત | GUJARATI | NITA SEN | 7698522618 | IT-ITES |
| 11 | સનગ્રેસ સ્કૂલ,અંગ્રેજી માધ્યમ,ઉધના,સુરત | ENGLISH | SUREKHA YADAV | 9374821817 | IT-ITES |
| 12 | પ્રેસીડન્સી સ્કુલ, અંગ્રેજી માધ્યમ, ન્યુ રાંદેર રોડ,તાડવાડી | ENGLISH | MISS DEEPIKA SHUKLA | 9824203686 | IT-ITES |
| 13 | પ્રેસીડન્સી સ્કુલ, ગુજરાતી માધ્યમ, ન્યુ રાંદેર રોડ,તાડવાડી | GUJARATI | MISS DEEPIKA SHUKLA | 9824203686 | IT-ITES |
| 14 | શ્રીમતી એસ.એચ.ગજેરા સેકન્ડરી એન્ડ હા.સે. સ્કૂલ, કતારગામ | GUJARATI | DR.BHAVESHBHAI GHELANI | 9726978150 | IT-ITES |
| 15 | શ્રી એચ. જે.ગજેરા સેકન્ડરી એન્ડ હા.સે. સ્કૂલ, કતારગામ | ENGLISH | NITIN PATIL | 9712608186 | IT-ITES |
| 16 | શ્રીમતી એસ.એચ.ગજેરા સેકન્ડરી એન્ડ હા.સે. સ્કૂલ, ઉત્રાણ | GUJARATI | MS. CHHAYA BHATHAWALA | 7984267657 | IT-ITES |
| 17 | શ્રી એચ. જે.ગજેરા સેકન્ડરી એન્ડ હા.સે. સ્કૂલ, ઉત્રાણ | ENGLISH | DR.JIGNESH PARMAR | 9978611158 | IT-ITES |
| 18 | શ્રી એચ. જે.ગજેરા સેકન્ડરી એન્ડ હા.સે. સ્કૂલ,સચીન | ENGLISH | MRS ANJU A MISTRY | 9898279959 | IT-ITES |
| 19 | શ્રી સ્વામીનારાયણ એચ વી વિદ્યાલય,ન્યુ રાંદેર રોડ અડાજણ | GUJARATI | MR. JIGARSINH PARMAR | 9898077011 | IT-ITES |
| 20 | નોબલ સેકન્ડરી સ્કુલ, ગુજરાતી માધ્યમ, પર્વત પાટિયા | GUJARATI | VISHAL PADSHALA | 9924602587 | IT-ITES |
| 21 | નોબલ સેકન્ડરી સ્કુલ, અંગ્રેજી માધ્યમ, પર્વત પાટિયા | ENGLISH | ALFIA MORKAS | 8401723747 | IT-ITES |
| 22 | શ્રી વશિષ્ટ વિદ્યાલય,વાવ તાલુકો કામરેજ | GUJARATI | MEHULBHAI VADDORIYA | 9067382730 | IT-ITES |
| 23 | શ્રી સ્વામીનારાયણ વિદ્યાલય, ગુજરાતી માધ્યમ, રામનગર રાંદેર રોડ | GUJARATI | MR. CHANDUBHAI KHUNT | 9879615556 | IT-ITES |
| 24 | શ્રી સ્વામીનારાયણ ગુરુકુલ વિદ્યાલય, અંગ્રેજી માધ્યમ, વેડરોડ સુરત | ENGLISH | DHARMESHBHAI B. SALIYA | 8485990025 | IT-ITES |
| 25 | શ્રી સ્વામીનારાયણ ગુરુકુલ વિદ્યાલય, ગુજરાતી માધ્યમ, વેડરોડ સુરત | GUJARATI | ARVINDBHAI J THESIYA | 9925233144 | IT-ITES |
| 26 | રીવરડેલ એકેડમી અંગ્રેજી માધ્યમ , અડાજણ | English | Ms Sheetal Chaudhari | 8347866114 | IT-ITES |
| 27 | મેટ્રિક્સ ગ્લોબલ સ્કૂલ,અંગ્રેજી માધ્યમ,ઉમરા | English | MR. PRADIP JILARIYA | 8758247777 | IT-ITES |
| 28 | મેટ્રિક્સ ગ્લોબલ સ્કૂલ,ગુજરાતી માધ્યમ,ઉમરા | GUJARATI | MR.DURLABH LADUMOR | 9925684230 | IT-ITES |
| 29 | મોની ઇન્ટરનેશનલ સ્કૂલ,અંગ્રેજી માધ્યમ,મોટા વરાછા | ENGLISH | HEMALI.V.DESAI | 9726980625 | IT-ITES |
| 30 | મોની ઇન્ટરનેશનલ સ્કૂલ,ગુજરાતી માધ્યમ,મોટા વરાછા | ENGLISH | HEMALI.V.DESAI | 9726980625 | IT-ITES |
| 31 | વસિષ્ઠ જેનેસિસ સ્કુલ-બાબેન, ગુજરાતી માધ્યમ | GUJARATI | PARESHBHAI KHORASHIYA | 9714585114 | IT-ITES |

| વર્ષ ૨૦૨૫-૨૬ માં વોકેશનલ અંતર્ગત ખાનગી શાળાઓની યાદી | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ક્રમ | શાળાનું નામ | UDISE નંબર | તાલુકો | માધ્યમ | ટ્રેડ - ૧ | ટ્રેડ - ૨ |
| ૧ | વિદ્યાકુંજ માધ્યમિક ઉચ્ચતર માધ્યમિક શાળા | 24221503036 | પાલનપુર જકાતન | ગુજરાતી | I.T. | - |
| ૨ | વિદ્યાદીપ ઈન્ટરનેશનલ એકેડેમી | 24220802102 | ઓલપાડ | ગુજરાતી | I.T. | - |
| ૩ | શ્રીમતિ તરુણકાન્તા વસંતભાઈ જરીવાલા કુમાર વિદ્યાલય | 24221503192 | સુમુલડેરી રોડ | ગુજરાતી | I.T. | |
| ૪ | ઇકરા ગુજરાતી હાઇસ્કુલ | 24221531144 | ઉન ગામ | ગુજરાતી | હેલ્થકેર | I.T. |
| ૫ | એસ.સી.જે તપોવન જૈન સ્કુલ | 24221530217 | કેનાલ રોડ, પાલન | અંગ્રેજી | I.T. | બેન્કિંગ |
| ૬ | ઇકરા અંગ્રેજી હાઇસ્કુલ | 24221531157 | ઉન ગામ | અંગ્રેજી | I.T. | હેલ્થકેર |
| ૭ | એમ.યુ.એસ અંગ્રેજી માધ્યમ હાઈસ્કુલ | 24221503715 | સુમુલડેરી રોડ | અંગ્રેજી | I.T. | |
| ૮ | આર્યા વિદ્યાસંકુલ | 24220903414 | પલસાણા | અંગ્રેજી | I.T. | - |
| ૯ | શ્રી સ્વામિનારાયણ દિવ્યધામ ગુરુકુલ, વેલંજા | 24220302610 | સુરત | ગુજરાતી | I.T. | - |
| ૧૦ | સુમન હાઈસ્કૂલ નં.૧૦,રામેશ્વર નગર, લીંબાયત | 24221501759 | સુરત | મરાઠી | TOURISM & HOS | - |
| ૧૧ | સુમન હાઈસ્કૂલ નં.૦૩, કતારગામ | 24221511705 | સુરત | ગુજરાતી | HEALTH CARE | |

# VOCATIONAL SCHOOL -2023-24 SURAT

| S.No | Udise Code | Sanction Year | District Name | Block Name | School Name | Trade 1 | Trade 2 | MOBILE NO. | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 24220102607 | 2022-2023 | SURAT | BARDOLI | M K PATEL MADHYAMIK SHALA,MADHI | IT - ITES | Agriculture | 6355178131 | 9879007771 |
| 2 | 24220103027 | 2023-2024 | SURAT | BARDOLI | B A B S HIGH SCHOOL,BARDOLI | IT - ITES | Banking Financial Services and Insurance (BFSI) | 9925959654 | 8799098625 |
| 3 | 24220101204 | 2024-2025 | SURAT | BARDOLI | THE KADOD HIGH SCHOOL,KADOD | Electronics & Hardware | Apparel,Made ups and Home Furnishing | 9016411977 | 9773179275 |
| 4 | 24220103020 | 2024-2025 | SURAT | BARDOLI | SINCERITE ENGLISH SCHOOL SECONDARY,BARDOLI | Electronics & Hardware | - | 8200250055 | 9909792304 |
| 5 | 24220107511 | 2024-2025 | SURAT | BARDOLI | S K P S HIGH SCHOOL SEC AND HIGH SEC SCHOOL,VAKANER | Electronics & Hardware | - | 9725610088 | 9924211311 |
| 6 | 24220306203 | 2024-2025 | SURAT | KAMREJ | UTTAR BUNIYADI VIDHYALAY, TIMBA | Electronics & Hardware | - | 7016156556 | 9638868727 |
| 7 | 24220301610 | 2024-2025 | SURAT | KAMREJ | PATEL RAMANBHAI SARVAJANIK VIDHALAYA,ORNA | Electronics & Hardware | - | 9429150239 | 9727291209 |
| 8 | 24220304903 | 2024-2025 | SURAT | KAMREJ | UTTARBUNIYADI ASHRAM SHALA,HALDHARU | Electronics & Hardware | - | 9099444545 | 9724500757 |
| 9 | 24220302405 | 2021-2022 | SURAT | KAMREJ | SARKARI MADHYMIK SHALA,NAVI PARDI | Beauty & Wellness | - | 9909951066 | 6356593584 |
| 10 | 24220303202 | 2015-2016 | SURAT | KAMREJ | SARKARI MADHYMIK SHALA,NANSAD | Healthcare | Beauty & Wellness | 9427780006 | 8780768899 |
| 11 | 24220402102 | 2022-2023 | SURAT | MAHUVA | UTTAR BUNIYADI VIDYALAYA,RANAT | Apparel,Made ups and Home Furnishing | - | 9687021931 | 9978147312 |
| 12 | 24220403504 | 2022-2023 | SURAT | MAHUVA | B B SARVAJANIK SCHOOL,KARCHELIYA | Healthcare | IT - ITES | 9825733214 | 9427812785 |
| 13 | 24220405005 | 2023-2024 | SURAT | MAHUVA | G H BHAKTHA HIGH SCHOOL,MAHUVA | IT - ITES | Physical Education & Sports | 9427146978 | 9909257020 |
| 14 | 24220500108 | 2022-2023 | SURAT | MANDAVI | MANDVI SECONDARY AND HIGHER SECONDARY SCHOOL,MANDVI | Beauty & Wellness | Electronics & Hardware | 8200468393 | 9712438958 |
| 15 | 24220500109 | 2023-2024 | SURAT | MANDAVI | V F CHAUDHARI HIGH SCHOOL,MANDVI | Automotive | Beauty & Wellness | 9825522944 | 9099330209 |
| 16 | 24220506902 | 2021-2022 | SURAT | MANDAVI | GOVERNMENT SECONDARY SCHOOL,VIRPOR | Apparel,Made ups and Home Furnishing | - | 9979462166 | 8238944339 |
| 17 | 24220512203 | 2023-2024 | SURAT | MANDAVI | SHREE TAPI VAN VIDHYALAYA,SARKUI | Apparel,Made ups and Home Furnishing | - | 9099743048 | 9925268934 |
| 18 | 24220903406 | 2022-2023 | SURAT | PALASANA | GANGADHARA H SCHOOL 9 TO 12 SCHOOL,GANGADHARA | Electronics & Hardware | IT - ITES | 9727732926 | 9898434168 |
| 19 | 24220903503 | 2022-2023 | SURAT | PALASANA | SARDAR PATEL VIDYALAYA,ENA | Electronics & Hardware | - | 9227122768 | 9737513932 |
| 20 | 24221205702 | 2020-2021 | SURAT | UMARPADA | MODEL SCHOOL,AMLIDABHADA | Apparel,Made ups and Home Furnishing | - | 9726963839 | 6352154427 |
| 21 | 24221207502 | 2021-2022 | SURAT | UMARPADA | GOVERNMENT SECONDARY SCHOOL,RAMPURA | Apparel,Made ups and Home Furnishing | Beauty & Wellness | 9687637125 | 9979682439 |
| 22 | 24221207603 | 2019-2020 | SURAT | UMARPADA | GOVERNMENT SECONDARY SCHOOL,CHOKHWADA | Electronics & Hardware | Beauty & Wellness | 9265866558 | 9662140318 |
| 23 | 24221207704 | 2022-2023 | SURAT | UMARPADA | UTTAR BUNIYADI VIDYALAYA,BILWAN | IT - ITES | Apparel,Made ups and Home Furnishing | 9510768323 | 6353301347 |

# NEW VOCATIONAL SCHOOL - YEAR-2024-25 SURAT

| S.No | Udise Code | Sanction Year | District Name | Block Name | School Name | Trade 1 | Trade 2 | MOBILE NO. |
|---|---|---|---|---|---|---|---|---|
| 24 | 24220103104 | 2024-2025 | SURAT | BARDOLI | SHREE U.K.R.K. SEVA SAMAJ SECONDARY AND HIGHER SECONDARY SCHOOL,TEN | Electronics & Hardware | Beauty & Wellness | 7874876862 |
| 25 | 24220103804 | 2024-2025 | SURAT | BARDOLI | EKLAVYA MODEL RESIDENTIAL SCHOOL MOTA | Electronics & Hardware | - | 8733098233 |
| 26 | 24220103809 | 2024-2025 | SURAT | BARDOLI | EKLAVYA MODEL RESIDENTIAL SCHOOL MANDVI | IT - ITES | - | 9427884586 |
| 27 | 24220104502 | 2024-2025 | SURAT | BARDOLI | AASHRAM SCHOOL VAGHECHA | Sports, Physical Education, Fitness & Leisure | - | 9879521281 |
| 28 | 24220105902 | 2024-2025 | SURAT | BARDOLI | GOVT SEC SCHOOL NIZAR | Beauty & Wellness | - | 8140468068 |
| 29 | 24220306202 | 2024-2025 | SURAT | KAMREJ | AASHRAM SCHOOL TIMBA | Sports, Physical Education, Fitness & Leisure | - | 9979460319 |
| 30 | 24220511401 | 2024-2025 | SURAT | MANDAVI | HAJI MO YU KOTVAL SHARV H SCHO | Sports, Physical Education, Fitness & Leisure | - | 9428144548 |
| 31 | 24220602502 | 2024-2025 | SURAT | MANGROL | GOVERNMENT SECONDARY SCHOOL GHODABAR | Apparel,Made ups and Home Furnishing | - | 6351167935 |
| 32 | 24220603605 | 2024-2025 | SURAT | MANGROL | GOVE. SECONDARY SCHOOL MAHUVEJ | Beauty & Wellness | - | 9687427414 |
| 33 | 24220608308 | 2024-2025 | SURAT | MANGROL | SHREE N D DESAI SARVAJANIK HIGH,VANKAL | IT - ITES | Physical Education & Sports | 8780024390 |
| 34 | 24220904104 | 2024-2025 | SURAT | PALASANA | ANJUMAN HIGHSCHOOL,MALEKPOR | Apparel,Made ups and Home Furnishing | IT - ITES | 8141408370 |
| 35 | 24220904204 | 2024-2025 | SURAT | PALASANA | UTTAR BUNIYADI VIDYALAYA,AMLSADI | Sports, Physical Education, Fitness & Leisure | Beauty & Wellness | 9712999870 |
| 36 | 24221200506 | 2024-2025 | SURAT | UMARPADA | GOVERNMENT SECONDARY SCHOOL CHAVDA | IT - ITES | Apparel,Made ups and Home Furnishing | 9726559125 |
| 37 | 24220402405 | 2024-2025 | SURAT | MAHUVA | KRAMIK AASHRAM SHALA,VADIYA (PM SHREE) | Electronics & Hardware | - | 8160028274 |
| 38 | 24220904203 | 2024-2025 | SURAT | PALASANA | NARHARI PARIK AASHRAM SHALA,AMLSADI (PM SHREE) | Sports, Physical Education, Fitness & Leisure | - | 9979334432 |
| 39 | 24220511704 | 2025-2026 | SURAT | MANDAVI | PM SHREE VRUNDAVAN ASHRAM SHALA, KATKUVA, MANDVI | IT/ITES | - | 9558359317 |
| 40 | 24220600204 | 2025-2026 | SURAT | MANGROL | PM SHREE ASHRAM SCHOOL, DEGADIYA, MANGROL | BANKING | BEAUTY WELLNESS | 9727880024 |